RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER


Vol.No-2, Issue No-9 | Ahmedabad, Wednesday 05/04/2017 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



ઇસ્ટર એક ઋતુ યાદ કરવાની, ત્યાગની અને ઉજવણીની ૨



ચાલો બાળકને કરીએ વહાલ 3



ઇલેક્ટ્રોનિક દુનિયા ૪



કાળી દ્રાક્ષ – તરબુચનું જ્યુસ ૫



શૈક્ષણિક સત્ર ૨૦૧૬-૧૭ માટે કરવામાં આવેલુ યંગ રીપોર્ટસનું સન્માન ૬-૭

# બાળકો માટે વેકેશન માત્ર કહેવાનું જ

**વ્હાલા વ્હાલા ભગવાન,**

આજે મારે તમારી સાથે દિલ ખોલીને કેટલીક વાત કરવી છે. એટલે આ કાગળ લખ્યો છે. આ કાગળ તમને અત્યારે એટલા માટે લખું છું કારણકે હમણાં અમારે પરીક્ષાઓ પુરી થતાની સાથે વેકેશન પડશે. આ વેકેશન ખાલી કહેવાનું જ હોય છે. બાકી તો અમારે આ સમયગાળા દરમ્યાન જુદા જુદા કોર્સ કરવાના હોય છે. ‘સમયના સદઉપયોગ’ ના નામે અમારા વેકેશનનો ભોગ લેવાઇ જશે. જુદા જુદા કલાસ કરનારાઓને કમાણી કરવી હોય એટલે અમને ટારગેટ બનાવીને અમારા મમ્મી-પપ્પાને જાત જાતના સપનાઓ બતાવે. અમે ભલે કારખાનામાં મજૂરી કરવા નથી જતા અને છતાય મજૂર છીએ. અમારા મા-બાપે જ અમને મોટા મજૂર બનાવી દીધા છે.. ૬ થી ૭ કલાકની શાળા અને એમા પણ પાછા રવિવારના દિવસે કે જાહેર રજાના દિવસે એકસ્ટ્રા લેકચર હોય. આટલાથી પૂરૂં ન થતું હોય તે શાળાએથી આવીને ટ્યુશન કલાસમાં જવાનું અને પછી મ્યુઝીક અને ડાન્સ કલાસ તો ખરા જ. હવે પ્રભુ તમે જ કહો અમારા કરતા તો કારખાનામાં કામ કરતા મજૂર વધારે સુખી ન હોય ?

ઘરે કોઈ મહેમાન આવે તો અમે જાણે પ્રદર્શનનું સાધન હોય એમ રમવા ગયા હોય તો ત્યાંથી બોલાવીને ‘આ આંટીને ડાન્સ બતાવ, જો જરા પેલુ પોએમ સંભળાવ’ આમ કહીને ચાવીવાળુ રમકડું હોય એમ નાચવા-ગાવા ધરી દે. અમારી ઈચ્છા હોય કે ના હોય અમારે તો બસ મુંગા મોઢે આદેશનું પાલન જ કરવાનું. પ્રભુ, તમારા પપ્પા કે મમ્મી તમારી પાસે આવુ કરાવતા ? અમને જાણે કે અમારી કોઈ ઈચ્છા જ ન હોય એવું વર્તન અમારી સાથે કરવામાં આવે છે. અમે ભલે નાના રહ્યા પણ અમારી પણ કેટલીક ઈચ્છાઓ હોય ને ? હા કદાચ અમારી સમજ શક્તિના અભાવે અમે અમારૂ સારૂ-નરસુ ન જોઇ શકતા હોય તો અમારી સાથે બેસીને અમને પ્રેમથી અને ધીરજથી સમજાવવા ના જોઇએ ? પણ એવો સમજાવવાનો સમય જ ક્યાં હોય છે ? મમ્મીને પોતાની સીરીયલ વહાલી હોય અને પપ્પાને એના બીજા કામ હોય એટલે મારા માટે તો કોઇને ટાઇમ હોય જ નહી. હે પ્રભુ, મારા માટે સમય ન હોય તો મમ્મી-પપ્પા મને શા માટે આ દુનિયામાં લાવતા હશે ?



ઘણીવાર દાદા ઘરે આવે તો પપ્પા શેરીમાં કેવી ધમાચકડી કરતા એની વાત કરે ત્યારે મને થાય કે હું થોડો મોડો જન્મ્યો છું. આજે મળે છે એવી સગવડો ન મળતી હોત તો પણ ચાલત કારણકે રમવા તો મળતુ હોત અને એ પણ પેટ ભરીને ‘માત્ર ૩૦ મીનીટમાં પાછો આવી જજે’ એવું બંધિયાર રમવાનું તો ન હોત. પપ્પાને એમના દાદા વાર્તાઓ પણ કરતા પણ મારા દાદા મારી પાસે નથી અને એટલે પપ્પાએ સ્ટોરીબુક અને જાતજાતની કેસેટ લાવી આપી છે એ મનોરંજન માટે હશે કે મારૂ જ્ઞાન વધારવા એ તો પપ્પાને જ ખબર.

ભગવાન, આ શાળાઓ પણ અમારા પર કંઇ ઓછા અત્યાચાર નથી કરતી. એક વાત કહુ પ્રભુ, અમારી શાળામાં રમતગમતનું મેદાન જ નથી. બોલો છે ને કમાલ ! અમે જાણે બળદીયા હોય એ રીતે લખાવ લખાવ જ કર્યા કરે કારણકે સમજાવીને શીખવાડતા આવડતુ હોય એવા શિક્ષક તો માંડ એકાદ હોય બાકીના તો પરાણે શિક્ષક બનેલા હોય. અને એમાંય શાળાના સંચાલકો કે સરકાર એને પુરતો પગાર ન આપે તો દાઝ અમારા પર ઉતારે બોલો. અમારે તો ઉંધુ ઘાલીને ગોખણપટ્ટી જ કરવાની હોય જે વધારે ગોખી શકે એ વધારે હોશિંયાર ગણાય. સાહેબ જે પધ્ધતિ પ્રમાણે દાખલો ગણાવે એ જ પધ્ધતિથી અમારે દાખલો ગણવાનો. દાખલાનો જવાબ ભલે સાચો હોય પણ જો દાખલો ગણવાની પધ્ધતિ બદલી હોય તો આખા કલાસની વચ્ચે મેડમ અમને ખખડાવે. અમને અમારી વાત કહેવાની તક જ ન આપે સાહેબો જેમ નચાવે અમારે એમ નાચ્યા કરવાનું.

શાળામાં અમારામાં છુપાયેલુ બહાર કાઢવાને બદલે બહારનું બધુ જ અમારામાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે. અમને માત્ર અને માત્ર માર્કનું મશીન જ બનાવી દેવામાં આવે છે. સમજાય કે ના સમજાય ગોખાવીને પણ માર્ક વધારે આવવા જોઈએ આ એક જ પ્રયાસ હોય છે એમનો. બીચારા શાળાવાળા પણ શું કરે કારણકે અમારા મમ્મી-પપ્પાને પણ અમારા માર્કમાં જ રસ છે. અમને ખબર છે કે મમ્મી-પપ્પા કે શિક્ષકો અમારા દુશ્મન નથી. પણ એ લોકોને પણ સમજાવું જોઈએ ને કે અમે માત્ર મજૂર નથી. અમારા મમ્મી-પપ્પા અને શિક્ષકોએ એ, જ્યારે ભણતા ત્યારે જેવી મજા કરતા એવી મજા અમને ન કરવા દેવી જોઈએ ? એ કંઇ ના કરતા તો પણ શિક્ષક બની ગયા તો અમે પણ કંઇક તો બની જ જશું.

પ્રભુ બસ તમને એક જ વિનંતી કે અમારૂ ધ્યાન રાખજો. અમારો આશરો એકમાત્ર તમે છો કોઈ અમારી વાત સાંભળતું જ નથી પણ મને તમારા પર વિશ્વાસ છે કે તમે અમારા બધા બાળકોની વાત જરૂર સાંભળશો. આપને રૂબરૂ મળવાની ઈચ્છા હતી પણ તમે ક્યાં મળો એ ખબર જ નથી. મંદિર, મસ્જીદ અને ચર્ચમાં ગયેલા પણ ત્યાંથી તો પુજારીઓ, મૌલવીઓ અને પાદરીઓએ અમને તગેડી મૂક્યા. અમારી વાત બધા બાળકોના પ્રતિનિધિ તરીકે મારે તમારા સુધી પહોંચાડવી હતી એટલે આ પત્ર લખ્યો છે. મને પૂરો વિશ્વાસ છે કે મારી આ વાત ચોક્કસ આપના સુધી પહોંચશે.

પ્રભુજી મારે તો તમને હજુ ઘણું કહેવુ છે પણ જુવો મમ્મી બરાડા પાડીને બોલાવે છે એટલે જવું જ પડશે. કારણકે અમારે ઈચ્છા જેવું ક્યાં કંઇ હોય છે. અમારે તો મમ્મી-પપ્પાની અને શિક્ષકોની ઈચ્છા એ જ અમારી ઈચ્છા.

જેનું બાળપણ મરી ગયું છે એવું આપનું લાડલું બાળક.



**ગૌરાંગ દેસાઇ**
**શિક્ષક, દાહોદ**





રામ નવમી એટલે ભગવાન પ્રભુ શ્રી રામનો જન્મ દિવસ. શાસ્ત્રો પ્રમાણે જ્યારે સમાજમાં અશાંતિ, દુરાચાર અને અપ્રમાણિકતા વધે છે, ત્યારે તેનો અંત કરવા માટે ભગવાન પૃથ્વી પર અવતરે છે. અને ભક્તોને તે દુ:ખમાંથી તારે છે. પ્રભુ શ્રી રામ વિષ્ણુના અવતાર છે.

પ્રભુ શ્રી રામનો જન્મ ચૈત્ર સુદ નોમના દિવસે બપોરના બાર વાગ્યે થયો હતો.

ભારતમાં રામ નવમી તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. ભગવાન શ્રી રામ મર્યાદા પુરૂષોત્તમ ગણાય છે. રામ નવમી ના પર્વનું અનોખુ મહત્વ છે. આ દિવસે લોકો શ્રી રામના નામનું ઉચ્ચારણ અને રટણ કરી આખો દિવસ પસાર કરે છે. સાથે સાથે રામ નામનું જપ, તપ, કિર્તન, ભજન, રામના નામની માળા કરી પ્રભુની ભક્તિ કરે છે.

રામનું નામ એટલે ‘રામનામ’ રામ નામમાં એક અદ્‌ભુત શક્તિ છે. એક શસ્ત્રની સમાન કાર્ય કરે છે. રામ નામથી જીવનનો ઉદ્ધાર થઇ જાય છે, તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે વાલિયા લૂંટારામાંથી વાલ્મીકી બની ગયાની વાત. રામ રામ બોલવાને બદલે તેઓ મરા.. મરા.. બોલતા છતા તેમના જીવનનો ઉદ્ધાર થયો અને તેઓ મહાન કવિ અને રામાયણ જેવા મહાન ગ્રંથના રચયિતા મહર્ષિ બની ગયા.

શ્રી રામનું જીવન તેમના જીવનના દરેક પાત્રને ન્યાય આપે છે, અને દરેક ફરજ પુરી કરે છે. પુત્ર, ભાઇ, શિષ્ય, પ્રભુ, રાજા દરેક પાત્રની પ્રત્યેક ફરજો તેમણે સંપૂર્ણ રીતે પૂર્ણ કરી છે. અને તેમના જીવનને સુંદર રીતે વિતાવ્યું છે. તેથી જ તેમને પૂર્ણ પુરૂષોત્તમ કહેવામાં આવે છે. એમ કહી શકાય ધર્મનું સાક્ષાત સ્વરૂપ છે પ્રભુ શ્રીરામ.

રામ નવમીનો આ દિવસ પરમ પવિત્ર દિવસ માનવામાં આવે છે. આખો દિવસ પ્રભુ સ્મરણમાં અને ભક્તિમાં વ્યતિત કરી પ્રભુ સમીપ પહોંચી શકાય છે. રામ નામનો મહિમા જ અનોખો છે.

**જ્યોતિ પરમાર**, ધી ઓપન પેજ

# બાળકોને રજાની મજા માણવા દો



બહેન! આ વખતે તમે વેકેશનમાં કોઇ શિબિર કે વર્ગો નથી કરવાનાં ? મારે મારા બાબાને તેમાં મૂકવો છે. તમારો બાબો કેટલા વર્ષનો છે ? એ પ્રમાણે હું સલાહ આપી શકુ ને ! જુઓને... આ પહેલા ધોરણની પરીક્ષા આપશે. આ તમે સ્કૂલવાળા પરીક્ષા તો ૧૦મી -૧૫મી એપ્રિલ સુધીમાં પતાવી દો છો ને વેકેશન પુરૂં થાય જૂનની ૧૫મી લગભગ. છોકરા બે બે મહિના કરે શું ? કંટાળી ન જાય ? સાચું કહું વેકેશન આવે છે ને મારૂં તો માથું ફરી જાય છે. આખો દિવસ છોકરા ધમાચકડી કરે છે. એના કરતાં તો સ્કૂલ ચાલુ હોય તો શાંતિ રહે છે. સાડા દશથી સાડા પાંચ સુધી એવી નિરાંત રહે છે એક તો ઉનાળાના દિવસો, બપોર પડે જમીને ઘડીક સુવાનું તો મન થાય જ અને છોકરા ઘડીક જરા આંખેય મીંચાવા દે તો ને! એના કરતા તો આવા વર્ગો કે શિબિરમાં મૂકી દઇએ તો એટલા કલાક તો શાંતિ...

અંકિતનાં મમ્મીની આ વાત સાંભળી મને આશ્ચર્ય પણ થયું ને દુઃખ પણ થયું... શું છોકરાઓ મા-બાપને ખમાતાં જ નથી ! બાળકની આ કેવી ઉપેક્ષા ! વેકેશન પડવાનું હોય ત્યારથી બાળક રજાની મજા માણવા ઝંખતું હોય. પરીક્ષા ચાલુ હોય ત્યારે ભણતાં ભણતાં ય કદીક તો વેકેશનમાં શું શું રમીશું તેનાં દિવાસ્વપ્નોમાં રાચતું હોય ત્યારે બીજી બાજુ એ દિવસોમાં તેની માં તેને વ્યસ્ત કેવી રીતે રાખવો તેની મથામણ કરતી હોય. કેવી કમનસીબી ! બાળકનાં બાળપણને આપણે શું કરી રહ્યાં છીએ ! એને બાળપણ માણવાનું જ નહીં ! ચાલુ શાળાઓ હોય ત્યારે તો સવારથી ઉઠીને સ્કૂલ અને 'ભણ ભણ' ના નગારા સતત કાન પર વાગતાં જ હોય. 'ભણ' નહીં તો 'ઢ' રહેવાનો છે. ભણવાનું જ ક્યાં ગમે છે ? આ બધુ સાંભળી સાંભળી એવો તો કંટાળ્યો હોય કે પરીક્ષા પતે એટલે 'હાશ' અનુભવવાની રાહ જોતો હોય પણ એને 'હાશ' મળવાની ખરી? એને આપણે મન થાય ત્યારે અને જે મન થાય તે રમવાનો અધિકાર આપ્યો છે ખરો !

આજની કહેવાતી સુશિક્ષિત માતાઓના મગજમાં તો એક જ ધૂન સવાર થઇ ગઇ છે બસ ! મારે મારા બાળકને સર્વગુણસંપન્ન બનાવવું છે. એનો પરીક્ષામાં પહેલો નંબર જ આવવો જોઇએ. એને સ્કેટિંગ, ચિત્ર, સંગીત, કરાટે ટેનીસ, ક્રિકેટ બધું જ આવડવું જોઇએ અને ચાલુ સ્કૂલ હોય ત્યારે સમયની મર્યાદા નડે એટલે વેકેશન માટે એ રાહ જ જોતી હોય, પણ તો પછી બાળક તેના મિત્રો સાથે રમે ક્યારે ? એને ય ઘરમાં ક્યારેક મોકળા રમવાનું મન ન થાય ! ઘરનો ખૂણો ખૂણો ખૂંદવાની તેને ય મજા માણવી ન હોય ! પણ તો પછી ઘર બગડી જાય ને ! ત્યારે માં એને લડે. ઉધમાતિયો પાક્યો છે. ઘર રમણ ભમણ કરી નાંખે છે. ત્યારે તો ખબર નથી પડતી કે ઘર આપણે માટે છે કે આપણે ઘર માટે છીએ. પહેલાં તો વેકેશન પડે એટલે છોકરાં મામાને ત્યાં, કાકાને ત્યાં રહેવા જતાં. ભેગા મળી લહેર કરતાં. વેકેશનની એ મજા જ કંઇ જુદી હતી. સ્વજનો સાથે આત્મીયતા સધાતી. પણ હવે ! હવે તો વેકેશનમાં પાંચ સાત કે દસ દિવસ બહારગામ જવાનું... મોંઘીદાટ હોટલમાં તે લાંબો પ્રવાસ કંઇ પોસાય ! શરીરને સુખાકારી મળે પણ મનની સુખાકારીનું શું ? બાળકને તો મનની મોકળાશ જોઇએ છે. એને બાળપણને માણવું છે. મિત્રો સાથે મજા માણવી છે. વેકેશનમાં એની પ્રવૃત્તિનું પ્લાનીંગ કરો તો પણ એની રૂચિ અરૂચિનો વિચાર કરીને કરો. એને એની રજાની મજા માણવા દો, એના બાળપણને ઝૂંટવી ન લો. વર્ગોના સમયના બંધનમાં એને બાંધી ન દો. બાળપણ જેવો અમૂલ્ય જીવનકાળ બીજો એકેય નથી.



**ડો. ઊર્મિલા શાહ**
**ટ્રસ્ટી અને એક્ઝિક્યુટીવ કમિટી મેમ્બર, શારદા વિદ્યામંદિર**



# ઈસ્ટર-એક ઋતુ યાદ કરવાની, ત્યાગની અને ઉજવણીની




ઈશુના પુર્નજીવનની (મૃત્યુ પછી જીવીત થવું) આ ઉજવણી, જે ઈસ્ટરના નામે ઓળખાય છે. તે ખ્રિસ્તી લોકો માટેનો એક ઘણો મહત્વનો તહેવાર છે. મુખ્યત્વે 'એપ્રિલ' માસમા આવતો આ પર્વ કોઇ નક્કી કરેલ તારીખે નથી ઉજવાતો, પરંતુ વસંત ઋતુના પ્રારંભ સાથે આવતી પૂર્ણિમા પછીના રવિવારે ઉજવવામાં આવે છે. ખ્રિસ્તી લોકો માટે ઈસ્ટર એ ફક્ત એક દિવસીય પર્વના હોઇ પોતાનામાં જ એક આખી ઋતુ છે. જેને તેઓ 'તપઋતુ' ના નામે ઉજવે છે. ઈસ્ટરની ઉજવણીની તૈયારીઓ ૪૦ દિવસ લાંબી તપઋતુથી જ શરૂ થઇ જાય છે. ઈશુએ ગુજારેલા ૪૦ દિવસ, જે અસહ્ય પીડામાં તેઓએ વિતાવ્યા. તેના નિમિત્તે ખ્રિસ્તી લોકો તપઋતુ ઉજવે છે.

**તપઋતુઃ** આ ઋતુ 'એશ બુધવાર' થી શરૂ થાય છે જે 'ફેબ્રુઆરી' માસમાં હોય છે. તપઋતુ ખિસ્તીઓમાં આગવું મહત્વ ધરાવે છે. કારણકે આ ૪૦ દિવસ દરમ્યાન તેઓ ત્યાગની તપશ્ચર્યા પાળે છે. આ સમય દરમ્યાન તેઓ તમામ મોજ-શોખ તેમજ ઉજવણીઓ નો ત્યાગ કરે છે. અને જેટલા કષ્ટ ઈશુએ ભોગવ્યા તેમના ૪૦ દિવસના કારાવાસ દરમ્યાન તેમા તેમનો સાથ આપે છે.

**પામ રવિવારઃ** ઈસ્ટર પહેલાનું સપ્તાહ, પવિત્ર સપ્તાહ તરીકે ઓળખાય છે. અને આ સપ્તાહ જે રવિવારથી શરૂ થાય છે. તેને 'પામ રવિવાર' (ઈસ્ટર પહેલાનો રવિવાર) કહેવામાં આવે છે. ઈશુના ૪૦ દિવસના તપ બાદ તેમને 'જેરૂસલેમ' લાવવામાં આવ્યા હતા. તે આ રવિવાર હતો. 'જેરૂસલેમ' શહેરના તમામ લોકોએ ગધેડા પર સવાર ઈશુના દર્શન કર્યા હતા. અને પસાર થતા ઈશુને લોકોએ હાથમા પાંદડા સાથે વધાવ્યા હતા. આ રવિવારે ચર્ચમાં તમામ લોકો હાથમાં પાંદડાઓ સાથે ઈશુની ભક્તિ કરે છે.

**માઉન્ડી ગુરૂવારઃ** આ દિવસ જે ઈસ્ટર રવિવારના પહેલાનો ગુરૂવાર છે. ત્યારે ઈશુએ પોતાના અનુયાઈઓ સાથે છેલ્લુ ભોજન જમ્યું હતુ. જેના પછી તેઓને 'ક્રોસ' પર લટકાવી દેવામાં આવ્યા હતા. આ ગુરૂવારે ઈશુએ તેમના અનુયાઈઓ ના ચરણો ધોયા હતા. અને તેમની સાથે 'બ્રેડ વાઈન' નું ભાણું લીધુ હતુ. ખ્રિસ્તીઓ આ પરંપરાને કાયદા પૂર્વક ગંભીરતાથી પાળતા આવ્યા છે અને ચર્ચમાં આ પ્રમાણે જ ભોજન લે છે. માઉન્ડી ગુરૂવારની પ્રાર્થનાઓ આખી રાત ચાલે છે. અને ભક્તો શુક્રવારની સવાર સુધી આરાધના અને અર્ચના ચાલુ રાખે છે. આ રાત્રિ કે જ્યારે લોકો ઈશુની વંદનામાં સમય ગાળે છે. અને આખી રાત તેમણે ભોગવેલી પીડાના ભાગીદાર બનવા માંગે છે. તેની સવાર 'ગુડ ફ્રાઈડે' તરીકે ઓળખાય છે.

**ગુડ ફ્રાઈડેઃ** આખા શરીરને ખીલા વડે લટકાવતા દુઃખ અને પીડાની અસહ્ય વેદનાથી આ દિવસે ઈશુને 'ક્રોસ' પર લટકાવવામાં આવ્યા હતા.અને ભગવાનની કૃપાથી તેમના દુઃખો દૂર થયા હતા. ખ્રિસ્તીઓ દિવસે ઉપવાસ કરતા નજરે પડે છે. અને ચર્ચમાં ભેગા થઇને ઈશુની તે વેદનાથી છુટકારાનો હાશકારો ભરે છે. જ્યારે તેઓ 'ક્રોસ' પર પોતાનો પાવન જીવ છોડે છે અને સ્વર્ગ સિધાવે છે.

**પવિત્ર શનિવારઃ** ખ્રિસ્તીઓ ઈસ્ટર પહેલાના શનિવારની રાત્રિએ ભેગા મળીને ઈશુના પુર્નજન્મની ઉજવણી કરે છે. તેઓ માને છે કે ઈશુ મૃત્યુથી ઉપર ઉઠીને પોતાના પિતા-ઈશ્વર



પાસે પહોંચ્યા છે. મૃત્યુ બાદ સામાન્ય મનુષ્યની ફક્ત આત્મા જ ઈશ્વર પાસે જાય છે. પરંતુ ઈશુ જેવા પવિત્ર દેહને પોતાના શરીર સાથે જ ઈશ્વરે પોતાની પાસે બોલાવી લીધા. ખ્રિસ્તીઓ માટે આ ઉજવણીનો પર્વ બને છે. કારણકે ઈશુ તેમની તમામ પીડાઓ સાથે લઈ ગયા તેમ તેઓ માને છે. ઈસ્ટરની પ્રાર્થના રવિવારે કરાય છે. અને જેના પછી તેઓ ખુશી મનાવે છે. એક બીજાને ગળે લગાવીને, શુભકામનાઓ પાઠવીને કોફી તેમજ કેક સાથે ઈસ્ટર ઉજવે છે.

**ઈસ્ટર રવિવારઃ** ઈશુના જન્મની આ ઋતુ, ઈસ્ટરના તહેવાર સાથે સમાપ્ત થાય છે. પરંપરાગત રીતે લાગણીઓ, વહેંચણી અને આશાનું આ પર્વ ઈસ્ટરના સસલા અને ઈંડાઓને ચોકલેટો તેમજ સજાવટોથી તૈયાર કરીને એકબીજાને શુભેચ્છાઓ પાઠવીને ઉજવે છે. પરિવાર સાથે ભોજન માણી તેઓ ઈશુના બલીદાનને વધાવે છે.


ઈસ્ટરની ઉજવણીનો મહત્વનો ભાગ 'ઈસ્ટર એગ્સ' હોય છે. તહેવારમાં ઘણી રમતો રમાય છે. જેમા ઈસ્ટર એગ્સને શણગારવું, શોધવું, ફરાવવું, રગડાવવું વગેરે જેવી ઘણી રમતો સમાવવામાં આવે છે. ઈસ્ટર એગ્સની આ રમતો ખ્રિસ્તીઓના સાથ તેમજ સહકારની ઉજવણીને દર્શાવે છે અને સાથો સાથ ઈસ્ટરના પર્વને જીવંત બનાવે છે.



**એની વર્ગીસ**
**ટીચર ટ્રેનર**

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# ચાલો સાથે મળીને જોડણી સુધારીએ...



જોડણી પર્યાય – 3

"જય ગરવી ગુજરાત", સતત બે અંકથી ગુજરાતી જોડણી વિશે જ્ઞાન મેળવતા રહ્યા છીએ. નિયમ - ૧૪ થી નિયમ - ૩૦ સુધી આ અંકમાં પૂરા કરીએ છીએ.

**નિયમ-૧૪** સંસ્કૃતના અન્ય ઈકારવાળા પુ.લિંગ વિશેષ નામોમાં અંત્ય ઇ હ્રસ્વ (મારૂતિ, શકુનિ, ભારવિ)

**નિયમ-૧૫** સંસ્કૃતના ઇલ, ઇમા, પણ હ્રસ્વ (અખિલ, કપિલ, ગરિમા, મહિમા, કનિષ્ઠ)

દીર્ઘ ઈ વાળા પ્રત્યયો :

**નિયમ-૧૬** વાળીના અર્થમાં લાગતો વતી – મતી પ્રત્યયની 'તી' દીર્ઘ કલાવતી, યશોમતી

**નિયમ-૧૭** પ્રત્યય- ઈય અની ય – દીર્ઘ (ભારતીય, વંદનીય)

**નિયમ-૧૮** 'ઈન' પ્રત્યય લાગી બનેલા શબ્દમાં ઈ દીર્ઘ (નવ + ઈન = નવીન, સમ્કાલીન )

**નિયમ-૧૯** નામને અંતે દીર્ઘ ઈ ઉમેરી પછી કૃ કે ભૂ ધાતુનું રૂપ ઉમેરાઇ બનતા , 'ચિન્હ' રૂપમાં ઈ દીર્ઘ ભસ્મ - ભસ્મીભૂત, રૂઢ- રૂઢીકરણ સ્વ + કૃ – કાર, સ્વીકાર.

**નિયમ-૨૦** અંત્ય ઈ દીર્ઘ – આપણી, ગાડી, સારી ,ચાલી

**નિયમ-૨૧** અંત્ય ઉ હ્રસ્વ- આપણું, ગાડું, ચાલ્યું ખરૂં અપવાદ (ઉર્દુ શબ્દો)

**નિયમ-૨૨** શબ્દને છેડેના 'ઓ' પહેલાના ઇ-ઉ દીર્ઘ ચીલો, ચૂલો, ડૂચો, ઝૂલો, ગોકીરો, (અપવાદ- બકુલો, ટહુકો)

**નિયમ-૨૩** એક અક્ષરને લાગેલા ઈ – ઉ દીર્ઘ થી, પી, જૂ, લૂ, રૂ, બૂ, સ્કૂ, બી, જી, ફી

**નિયમ-૨૪** બે અક્ષરના શબ્દમાં પહેલા અક્ષરને લાગેલા ઇ-ઉ દીર્ઘ ચીજ, ગીધ, લીટી, ભૂલ, દૂધ.

**નિયમ-૨૫** ત્રણ અક્ષરના શબ્દમાં બીજો અક્ષર લઘુ હોય તો પ્રથમાક્ષરના ઇ-ઉ દીર્ઘ કૂતરો, ખીચડી.

**નિયમ-૨૬** ત્રણ અક્ષરના શબ્દમાં બીજો અક્ષર ગુરૂ હોય તો પ્રથમાક્ષરના ઇ-ઉ હ્રસ્વ – બિલાડી, ઉઠાવ.

**નિયમ-૨૭** ચાર કે તેથી વધુ અક્ષરના શબ્દમાં પ્રથમાક્ષરના ઇ-ઉ હ્રસ્વ – ખિસકોલી, મુસાફર.

**નિયમ-૨૮** કર્મણિરૂપમાં ઇ-ઉ હ્રસ્વ બની જાય પી- પિવાયું, ઉઠ- ઉઠાયું, શીખ-શીખાયું.

**નિયમ-૨૯** પ્રેરક, પુનઃ પ્રેરક ધાતુરૂપો અક્ષર સંખ્યા અને સ્થાન પ્રમાણે ઇ-ઉ શીખવ – શિખવાડ.

**નિયમ-૩૦** સામાસિક શબ્દમાં શબ્દોની અલગ અક્ષર સંખ્યા પ્રમાણે ઇ-ઉ, મીણબત્તી, (મીણ અને બત્તી બે અક્ષર પ્રમાણે)

**-: સુચના :-**

(૧)બંને જોડણી માન્ય હોય ત્યાં ગમે તે લખી શકાય. રાષ્ટ્રીય, રાષ્ટ્રિય

(૨)જોડણીભેદ અર્થભેદ થતો હોય ત્યાં અર્થાનુસારી જોડણી કરવી. વધારે માટે વધુ, વહુ માટે વધૂ.

પથ્થર- શિલા, શીલાવંતી સ્ત્રી માટે શીલા "ભાષાશુદ્ધિનું શિક્ષણ" (ઉમાકાન્ત રાજ્યગુરૂની પુસ્તીકામાંથી)

**જોડણી ગીતા (અનુષ્ટુપ છંદ)**

- મૂળ શબ્દે રહેલા જે સંયુક્તાક્ષર પૂર્વના ઇ-ઉ ને હ્રસ્વ જે જાણોઃ શિષ્ય, વિદ્યા જ પુસ્તક
- બિંદુ, સિંધુ અને કુંભે એ જ નિયમ હ્રસ્વનો બિન્દુ, સિન્ધુ અને કુમ્ભ જો, જોડાક્ષર પૂર્વ છે.
- ગુંબજે ગુંજત ગુંડો – તીવ્રનુસ્વારી હ્રસ્વને ગૂંથ્યું ને ગૂંચ ગૂંથેલ હોઇ કોમળ દીર્ઘ રે
- મૂળ શબ્દે રહેલા જે ઇ-ઉ રેફની પૂર્વના દીર્ઘ જેમા બને દીર્ઘઃ પૂર્ણતા દીર્ઘ દષ્ટ્રિમાં
- 'ય' ની પહેલા રહેલી ઇ પ્રિયે, હ્રસ્વ જ હોય છે. ફરી યાદ કરી લ્યો કે, હ્રસ્વ શે ફરિયાદમાં
- ઇ - ઈ, ઉ – ઊ તણી સંધી થાતાં શબ્દ બનેલમાં ઈ – ઉ તે દીર્ઘ ત્યાં થાયે સંધિ નિયમ નિત્યનો
- તદ્દ્ભાવે વર્ણ સંખ્યાને સ્થાનની ઇ- ઉ નિશ્ચિત જો જૂ , કીડી, બિલાડી, કૂતરું, ખિસકોલીમાં "જય ગરવી ગુજરાત"



**સથવારા નિમિષા**
**આચાર્ય**

# ચાલો બાળકને કરીએ વહાલ

## ભાગ-૨

ધોરણ-૧૦ ગુજરાતી (પ્રથમભાષા) નું 'તીર્થોત્તમ' (બાલમુકુંદ દવે) કાવ્ય ભણાવ્યા પછી એ વિદ્યાર્થીઓમાં વડીલો પ્રત્યે માન ન જાગે તો કૌશલ્યોનો અભાવ હશે. જો એમનામાં સેવાભાવ ન આવે તો મૂલ્યોનો અભાવ અને વડીલોને માન ન આપે પગે ન પડે તો વલણનો અભાવ જોવા મળે છે. આ જ્ઞાન સાચો શિક્ષક જ આપી શકે કે જેને મૂલ્યો, વલણો, કૌશલ્યો સ્થાપિત કરવા માટે યોગ્ય આયોજન કરેલ હોય, "જો શિક્ષક ભ્રષ્ટ હશે તો આખો સમાજ ભ્રષ્ટ થશે." સમગ્ર સમાજ, રાષ્ટ્ર, વિશ્વના ઉત્થાન કે પતનના પાયામાં હોય તો શિક્ષણ અને શિક્ષક છે. દરેક શિક્ષક પાસે રાષ્ટ્રપતિ કરતાં પણ વધુ આપવાની સત્તા છે. શિક્ષક રાષ્ટ્રપતિ કે રાજકારણી (રાધાકૃષ્ણન્) બની શકે, પરંતુ રાષ્ટ્રપતિ શિક્ષક બની શકે એ શક્ય જ નથી

**"શિક્ષક અને શિષ્ય વચ્ચેનો પ્રેમ-સંબંધ એ શિક્ષણનું સર્વોત્તમ સાધન છે."-હિંમત ખાટસૂરિયા**

શ્રેષ્ઠ, પવિત્ર, સેવાકીય કાર્યમાં જોડાયા છો ત્યારે વાલી, સમાજ તેમજ રાષ્ટ્રને ભાવિ નાગરિકનું ઘડતર કરી "આદર્શ નાગરિક" ની ભેટ ધરવાનું કામ શિક્ષકનું છે. શિક્ષકે બાળકની શૈક્ષણિક જ નહિ સામાજિક, આર્થિક, કૌટુંબિક સમસ્યાને જાણી સમજી તેના સમાધાન માટે પ્રેમપૂર્વક મદદરૂપ થઇ બાળકને સમસ્યામુક્ત કરી આનંદ બક્ષવાનો છે. શૈક્ષણિક કાર્ય દરમ્યાન માત્ર માહિતી જ નહિં, પરંતુ ચોક્કસ પ્રકારની સમજ, કૌશલ્યો, મૂલ્યો અને વલણોનો વિકાસ થાય એવું જીવનપયોગી શિક્ષણ વિદ્યાર્થીને આપવાનું છે. માહિતીપ્રદ શિક્ષણને જીવનલક્ષી બનાવવા માટે શિક્ષક જેટલુ બોલીને શીખવી શકે એથી વધુ આચરણથી શીખવી શકે છે. શિક્ષકના મૌનની ભાષા વિદ્યાર્થી સમજી શકે એવો વર્ગ, વિદ્યાર્થી કે શાળાની રચના કરવાનું કામ શિક્ષકનું છે. શાળાના ભાવાવરણને મૂલ્યલક્ષી અને ભાવાત્મક બનાવવા માટે ચોક્કસ પ્રકારના આયોજનની સાથે સેવા, શ્રદ્ધા અને સમર્પિત કરેલ કાર્ય સેવાયજ્ઞ બની રહે છે.

શિક્ષક પાસે મુખ્ય અને મહત્વનું લશ્રણ હોય તો તે છે પ્રેમ, પ્રોત્સાહન અને પ્રેરણા, શિક્ષણને રસમય બનાવવા માટે શિક્ષકે ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડ બનવાનું છે. શિક્ષક પાસે આવેલ વિદ્યાર્થીને એવી સુવાસ મળવી જોઇએ જેથી તે રસથી સંતુષ્ઠ બને. બાળક શિક્ષક પાસે પ્રેમ ઝંખે છે. એને પરિતોષ કરનાર શિક્ષક ૨૧મી સદીનો સાચો શિક્ષક કહેવાશે. સ્વામી વિવેકાનંદજી કહે છે,

**"પૂર્ણત્વને પ્રગટ કરી માનવતા બક્ષવી એ જ શિક્ષણ"**

સમાજમાં અને સમગ્ર રાષ્ટ્રમાં ફરી વળે છે માત્ર તે શિક્ષક બાળકને શિક્ષણ જ નહિ, પરંતુ કેળવણી આપવી જરૂરી છે. બાળકના શરીરમાંથી આત્માના ઉત્તમાંશોને બહાર લાવવા એટલે કેળવણી. વિદ્યાર્થીને પોતાના જ્ઞાનથી નહિ પરંતુ સ્નેહથી પ્રભાવિત કરનાર શિક્ષક જ્ઞાન અને જીવનકૌશલ્ય સ્થાપિત કરી શકશે.

**વિનોબા ભાવે કહે છે,**

**"તમારો દેવ તમે જેને ભણાવો છો એ વિદ્યાર્થી છે.
એમની ભક્તિપૂર્વક એકનિષ્ઠાથી સેવા કરવી એ જ તમારો ધર્મ છે."**

વિદ્યાર્થીમાં ખામી રહેશે તો તેને માટે શિક્ષણ – શિક્ષક કે માતા-પિતા જવાબદાર હશે. આ જવાબદારી પૂર્ણ કરવા માટે નૈતિક શિક્ષણ જરૂરી છે. શિક્ષક જો શિક્ષણના ચોક્કસ હેતુઓને ધ્યાનમાં રાખી કાર્ય કરે અને વિદ્યાર્થીને જિજ્ઞાસાને સંતોષવા ચાર દિવાલોને ઓળંગી વિશ્વની વિશાળતા તરફ દ્રષ્ટિ કરાવે તો સાચું અને સમગ્રતાનું શિક્ષણ આપી શકાય. નૈતિક, આધ્યાત્મિક અને સ્વાવલંબનનું શિક્ષણ આપનાર શિક્ષકને વિદ્યાર્થી, વાલી અને રાષ્ટ્ર કોટિ કોટિ વંદન કરે છે.



**'શિક્ષક ઓર્કવાળો, પર્કવાળો, તર્કવાળો અને સતત વિદ્યાર્થી સંપર્કવાળો હોવો જોઈએ'**
**મોરારી બાપુ**

માટે 'છાત્ર દેવો ભવ'ની આચાર-સંહિતા સાથે બાળદેવની શ્રદ્ધા અને ભક્તિથી નાત-જાત-ધર્મ કે વર્ગના ભેદભાવ વગર સમાન દ્દષ્ટિએ કાર્ય કરનાર શિક્ષકનું કાર્ય પૂજનીય બની રહેશે. આ વ્હાલની અસર વિદ્યાર્થી, વાલી, કુટુંબ, સમાજ અને રાષ્ટ્રમાં ફેલાઇ જાય એમાં જ શિક્ષકની સાચી સાફલ્યતા છે. શિક્ષકે હંમેશા યાદ રાખવું પડશે કે,

**"જગતની સર્વ કડીઓમાં સ્નેહની કડી સર્વથી વડી"**



**વિજય પટેલ**
**આચાર્ય, સુરત**

**મૌનના સ્વરૂપે પ્રાર્થના અને પ્રાર્થનાનું ફળ શ્રદ્ધા. શ્રદ્ધાનું ફળ પ્રેમ અને પ્રેમનું ફળ સેવા. -મધર ટેરેસા**

# ઈલેક્ટ્રોનિક દુનિયા

એક કરતા વધારે કોમ્પ્યુટર એકબીજા સાથે નેટવર્ક દ્વારા જોડી શકાય છે. જુદા જુદા સ્થળે મુકેલા કોમ્પ્યુટરને નેટવર્ક દ્વારા જોડીને એમાની માહિતી આપલે કરી શકાય છે. નાના અંતરા રાખેલા કોમ્પ્યુટરને લોકલ એરીયા નેટવર્ક (LAN) દ્વારા અને લાંબા અંતરે રાખેલા કોમ્પ્યુટરને વાઈડ એરિયા નેટવર્ક (WAN) દ્વારા જોડી શકાય છે. ઈન્ટરનેટ મારફતે તો દુનિયાભરમાં અલગ અલગ સ્થળે રાખેલા કોમ્પ્યુટરને એકબીજા સાથે જોડી શકાય છે.

કોમ્પ્યુટરની મદદ વિના હવે જાણે કોઈ મોટા કામ શક્ય જ નથી ! ઝડપી ગણતરી ઉપરાંત ખૂબજ ઝડપથી અનેક કામો કરી શકાય છે.

કોમ્પ્યુટર અને મોબાઈલ યુગમાં ઈન્ટરનેટની મદદથી જબરદસ્ત ક્રાંતિ આવી છે. એક કરતા વધારે કોમ્પ્યુટરને નેટવર્ક દ્વારા જોડી શકાય છે. દુનિયાભરના આવા અસંખ્ય નેટવર્કને સાંકળતુ-જોડતું નેટવર્ક એટલે ઈન્ટરનેટ. આ બધા નેટવર્કને વાયરો મારફતે કે વાયરો વિના (વાયરલેસ)જોડ્યા હોય છે. દરિયાની નીચે ઓપ્ટીકલ ફાઈબરના વાયરો નાંખીને ઈન્ટરનેટના નેટવર્ક જોડ્યા હોય છે. પૃથ્વીની પ્રદક્ષિણા કરતા ઉપગ્રહો મારફતે પણ ઈન્ટરનેટના નેટવર્ક માહિતીની આપલે કરે છે.

આ બધા નેટવર્કમાંના કોમ્પ્યુટરમાં રહેલી માહિતીને ખાસ રીતે ગોઠવીને બનાવેલા 'લીંક પેજીસ' ને બ્રાઉઝર દ્વારા કોઈપણ સ્થળે રાખેલા બીજા કોમ્પ્યુટરમાં વાંચી શકાય છે. આ રીતે ઈન્ટરનેટ દ્વારા માહિતીની આપલે કરવાનું માળખુ એટલે 'વર્લ્ડ વાઈડ વેબ' વર્લ્ડ વાઈડ વેબ મારફતે માહિતીની આપલે કરવાની શોધ ૧૯૮૯માં બ્રિટીશ ભૌતિક વિજ્ઞાની સર ટીમ બર્નસ લી એ કરી હતી.

સંદેશા વ્યવહાર માટે ઈન્ટરનેટ સૌથી ઝડપી ફેલાવો ધરાવતુ માધ્યમ બન્યુ છે. રેડિયોની શરૂઆત થઈ પછી તેને ૫ કરોડ લોકો સુધી પહોંચતા ૩૮ જેટલા વર્ષ લાગ્યા. ટેલીવિઝનને ૧૩ વર્ષ લાગ્યા. જ્યારે ઈન્ટરનેટ તો એની શરૂઆત પછી ફક્ત ૪ વર્ષમાં જ ૫ કરોડ લોકો સુધી પહોંચી ગયું !

ઈન્ટરનેટના માધ્યમથી વર્લ્ડ વાઈડ વેબનો ઉપયોગ કરી જુદી જુદી માહિતી મેળવવા માટે એ માહિતી જ્યાં રાખેલી છે એનું સ્થાન યુનિફોર્મ રિસોર્સ લોકેટર (URL) દ્વારા નક્કી થાય છે. આ માહિતી જે તે વેબ સાઈટ પર હોય છે. દાખલા તરીકે ગુજરાત શિક્ષણ બોર્ડની માહિતી એની વેબ સાઈટ www.gujarat.eduction.gov.in પર રાખેલ છે. આ રીતે "www" દ્વારા શરૂ થતુ નામ એ વેબ સાઈટનું એડ્રેસ કહેવાય છે. જે યુનિફોર્મ રિસોર્સ લોકેટર (URL) છે. વેબ સાઈટના નામમાં પાછળ 'com', ;org', 'gov' આવે છે તેને ડોમેઈન કહે છે. આમા દેશના નામ પ્રમાણેનું ડોમેઈન પણ હોય છે. જેમકે ભારત (ઈન્ડિયા) માટે 'in' છે.

ઈન્ટરનેટ પર કોઈપણ માહિતી ક્યાં હશે તે શોધવા માટે 'સર્ચ એન્જિન'તરીકે ઓળખાતી વેબ સાઈટનો ઉપયોગ થાય છે. ગુગલ આવુ એક સૌથી પ્રચલિત 'સર્ચ એન્જિન' છે. રોજ દુનિયાભરમાંથી કરોડો લોકો કેટલીય માહિતીઓ શોધવા માટે એનો ઉપયોગ કરતા હોય છે.



વેબ સાઈટ પરથી માહિતીઓ લેવા ઉપરાંત ઈન્ટરનેટનો ઉપયોગ ઈમેઈલ કરવા, ફોન કરવા, વિડિયો ફોન કરવા જેવી બાબતો માટે પણ થાય છે. ફેસબુક, વ્હોટસએપ, ટવીટર થકી કરોડો લોકો એકબીજા સાથે સતત સંપર્કમાં રહેતા હોય છે. અને અનેક માહિતીઓની આપલે કરતા હોય છે. આને સોશિયલ મીડિયા કહે છે.જે રીતે આનો ઉપયોગ વધી રહ્યો છે. તે જોતાં અમુક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. ઓનલાઈન ખરીદી, બેંકના નાણાંકીય વ્યવહારો વિગેરે કરતી વખતે ગફલત થઈ જાય તો ઘણું નુકશાન થઈ શકે છે. વળી કોઈપણ અજાણ્યા માણસોને પોતાની ખાનગી માહિતી ન મળી જાય એનું પણ ધ્યાન રાખવું જોઈએ.



તમે રોબોટ વિશે તો સાંભળ્યું જ હશે. રોબોટ એટલે માણસની જેમ કામ કરી શકતું એક મશીન. ઈ.સ. પૂર્વે ૩૨૦માં ગ્રીક ફિલોસોફર એરિસ્ટોટલે કહ્યું હતું, "જ્યારે કોઈપણ સાધન તેના દ્વારા જે કામ કરવાનું હોય તે કરી શકશે ત્યારે માણસને સહાયકોની જરૂર નહી રહે" મતલબ કે માણસ કોઈ સાધનની મદદથી માણસ કરી શકે એવું કામ કરી શકે એ કલ્પના જ રોબોટનો પહેલો વિચાર કહી શકાય! ઈ.સ. ૧૪૯૫માં પ્રખ્યાત વૈજ્ઞાનિક અને ચિત્રકાર લિઓનાર્ડો. ડા વિન્સીએ રોબોટ જેવા સાધનનું ચિત્ર દોર્યું હતું. ઈ.સ. ૧૭૦૦-૧૯૦૦ વચ્ચે ઘણાં સ્વયં સંચાલિત સાધનો બન્યા. જેક્સ દે વૌકેન્સન નામના એન્જીનીયરે 'હાલતુ-ચાલતુ' બતક બનાવ્યું હતું જે એની મેળે જ પાંખો ફફડાવી શકતું, ડોક હલાવી શકતુ અને કોઈ વસ્તુ મૂકી હોય તો ગળી શકતું.

રીતસર ઉપયોગમાં લઈ શકાય એવું સ્વયં સંચાલિત સાધન ઈ.સ. ૧૯૧૩માં હેન્રી ફોર્ડે એની મોટર કાર બનાવતી ફેકટરીમાં બનાવ્યું. એમણે કન્વેયર બેલ્ટનો ઉપયોગ કર્યો કન્વેયર બેલ્ટ એટલે લોખંડનો પટ્ટો જે સતત ફરતો રહે અને એ રીતે એના પર મુકેલી વસ્તુઓ ફરતી રહે જેથી કોઈ માણસે વસ્તુને એક સ્થાનેથી બીજે સ્થાને ન લઈ જવી પડે. આ ઉપયોગથી એમની ફેકટરીમાં કાર બનાવવાની ઝડપ વધી જતાં કારનું ઉત્પાદન વધી ગયું.

અત્યારે આપણે જેવા રોબોટ જોઈએ છીએ તેવો પહેલો રોબોટ ઈ.સ. ૧૯૩૨માં જાપાને બનાવ્યો. 'લીલીપુટ' નામે ઓળખાતો આ રોબોટ ચાલી શકતો હતો !એ ટીનનાં પતરામાંથી બનાવ્યો હતો અને ૧૫સે.મી. ઉંચો હતો.

ઈ.સ. ૧૯૯૪માં કાર્નેગી યુનિર્વસીટીએ ડાન્ટે ૧૧નામનો ૮ પગ વાળો ચાલી શકે એવો રોબોટ બનાવ્યો. એનો હકીકતમાં ઉપયોગ કર્યો. માઉન્ટ સ્પર નામના જવાળામુખી પર્વત પર એને ઉતાર્યો અને ત્યાનાં વાયુના નમૂના એકઠા કર્યા ! માણસની જેમજ 'મગજ વાપરી શકે' એવો રોબોટ પણ બન્યો. ! ઈ.સ. ૧૯૯૭માં આઈ.બી.એમ. કંપનીએ 'ડીપ બ્લ્યુ' નામનું કોમ્પ્યુટર બનાવ્યું. આ કોમ્પ્યુટરે એ સમયના ચેસ ચેમ્પિયન ગેરી કાસ્પારોવને હરાવી દીધો ! હવે તો ફુટબોલ, બાસ્કેટ બોલ જેવી રમતો રમી શકે એવા રોબોટ પણ બને છે !

ઈ.સ. ૨૦૦૨માં 'રૂમ્બા' નામનું રોબોટિક વેક્યુમ કલીનર બન્યું જે સ્વયં સંચાલિત કચરો સાફ કરી નાખે ! આ રોબોટની માંગ ઘણી જ વધી ગઈ છે. કારણકે લોકોને આવી રીતે કામ કરી આપે એવા રોબોટની ઘણી જરૂર છે. હવે તો આવા રોબોટની મદદથી વાહનો ચલાવી શકાશે, ઘરના નાના મોટા કામ કરાવી શકાશે. માણસ આળસુ ના થઈ જાય તો સારૂં!

મેડિકલ ક્ષેત્રે રોબોટ ઘણો જ ઉપયોગી સાબિત થશે. માણસ અત્યંત જટિલ સર્જરી (વાઢકાપ-ઓપરેશન) ન કરી શકે પરંતુ રોબોટની મદદ લઈને આવી સર્જરી થઈ શકે.

આ ઉપરાંત આપણે અનેક ઈલેક્ટ્રોનિક સાધનો ઉપયોગમાં લઈને જાણે કે ક્રાંતિ કરી છે. ઈન્ટરનેટ, કોમ્પ્યુટર, મોબાઈલ, વેબકેમ જેવા સાધનોની મદદથી આપણે અંતરના સીમાડા હટાવી દીધા છે. દુનિયાના કોઈપણ સ્થળેથી અત્યંત દૂર ક્યાંય પણ બેઠેલી બીજી વ્યક્તિ સાથે પ્રત્યક્ષ જોઈને વાતો થઈ શકે છે.

તમે કોમ્પ્યુટરની સાથે પ્રિન્ટર જોયુ હશે જે માહિતી પ્રિન્ટ કરે છે. ૩-ડી પ્રિન્ટરની શોધ સાથે જબરદસ્ત ક્રાંતિ થઈ છે. એની મદદથી કોઈપણ મશીનના ભાગો બનાવી શકાય છે. અરે, માણસના શરીરના અંગો પણ બનાવી શકાય છે ! આપણે ઈલેક્ટ્રોનિક દુનિયાના ગુલામ ન બની જઈએ પણ એનો બુદ્ધિપૂર્વકનો ઉપયોગ કરીએ તો આવનાર પેઢીને ઘણી જ સરળતા મળશે. અનેક કામો વધારે કુશળતાથી થશે જેથી માણસ વધારે સુખથી રહી શકશે.



**તુષાર જે. અંજારીયા**

## વૈદિક ગણિત-૧૦

**આ પદ્ધતિમાં કોઇપણ ક્રમે રહેલી સંખ્યાથી શરૂ કરી અને કોઇપણ ક્રમ સુધીની ક્રમિક સંખ્યાનો સરવાળો સરળતાથી કરી શકાય.**





**ડો. અતુલ વ્યાસ**
**શિક્ષણશાસ્ત્રી, રાજકોટ**

### ઉદાહરણ : ૧

૧+૨+૩+..........+૯+૧૦

અહી પ્રથમ પદ = ૧ છેલ્લુ પદ = ૧૦

કુલ પદની સંખ્યા n = (છેલ્લુપદ - પ્રથમપદ) +૧= n =(૧૦-૧) +૧ n =૧૦

હવે આ માટેનું સૂત્ર = $\frac{n}{૨}$ (પ્રથમપદ + છેલ્લુપદ )

આમ ૧+૨+૩+.........+૯+૧૦ = $\frac{૧૦}{૨}$ (૧+૧૦) = ૫૫ થાય. ખરૂ ને ?

### ઉદાહરણ : ૨

૧૦ + ૧૧ + ૧૨ +.........+ ૬૦ + ૬૧ + ૬૨ + ૬૩

હવે ટૂંકી રીતે = n =(૬૩-૧૦) + ૧=૫૪ થાય.

૧૦ + ૧૧ + ૧૨ +........+ ૬૨ + ૬૩

$\frac{૫૪}{૨}$ (૧૦+૬૩) =૨૭ x ૭૩=૧૯૭૧ થાય.

### ઉદાહરણ : ૩

૫૦ + ૫૧ + ૫૨ + ......... + ૯૮ + ૯૯ + ૧૦૦

n =(૧૦૦ - ૫૦) + ૧ = ૫૧ થાય.

આથી ૫૦ + ૫૧ + ૫૨ + ......... + ૯૮ + ૯૯ + ૧૦૦ = $\frac{૫૧}{૨}$ (૫૦ + ૧૦૦) = $\frac{૫૧}{૨}$ x ૧૫૦ = ૩૮૨૫ થાય.

### ઉદાહરણ : ૪

૧૦૧+૧૦૨+૧૦૩+....+૧૪૮ + ૧૪૯ + ૧૫૦

n =(૧૫૦-૧૦૧) +૧ =૫૦ થાય. હવે સૂત્ર અનુસાર..

૧૦૧ + ૧૦૨ + ૧૦૩ + .........+ ૧૪૮ + ૧૪૯ + ૧૫૦= $\frac{૫૦}{૨}$ (૧૦૧+૧૫૦) = ૨૫ x ૨૫૧ = ૬૨૭૫ થાય.

**ક્રમિક એકી સંખ્યાઓના સરવાળા**

(૧) ક્રમિક એકી સંખ્યાનો સરવાળો ૧+૩+૫+૭+.. ૧૦ પદ સુધી જેટલા પદ હોય તે પદનો વર્ગ કરો જવાબ મળશે

દા.ત.૧+૩+૫+૭=૧૬( ચાર પદ ) આથી $૪^{૨}$=૧૬ થાય.

૧+૩+૫+૭+૯+૧૧=૩૬( ૬ પદ ) આથી $૬^{૨}$=૩૬ થાય.

૧+૩+૫+૭+૯+૧૧+૧૩+૧૫+૧૭+૧૯=૧૦૦ (૧૦ પદ )આથી $૧૦^{૨}$=૧૦૦ થાય.

**હવે... ક્રમિક બેકી સંખ્યાઓના સરવાળા માટેની ગમ્મત વિચારો!!**

ક્રમિક બેકી સંખ્યાઓના સરવાળા માટેનું સૂત્ર સંખ્યાનો વર્ગ કરી તેનાં તેટલા જ ઉમેરો અર્થાત ($n^{૨}$+ n)

દા.ત. (૧) ૨+૪+૬+૮=૨૦( ૪ પદમાંથી $૪^{૨}$+૪=૨૦ થાય.)

. (૧) ૨+૪+૬+૮+૧૦+૧૨=૪૨ ( ૬ પદમાંથી $૬^{૨}$+૬=૪૨ થાય.)

(૩) ૨+૪+૬+૮+૧૦+૧૨+૧૪+૧૬+૧૮+૨૦=૧૧૦( ૧૦ પદમાંથી $૧૦^{૨}$+૧૦=૧૧૦ થાય.)

માણસની આંખ જીભ કરતા અનેક વાર વધુ કહી આપે છે. અને સાચું કહી દે છે. એના સંદેશ વાંચતા શીખીએ. - ફાધર વાલેસ

## ચિત્રકલા



**આરતી**
અર્જુન ઇંગ્લિશ સ્કૂલ



**નિકુંજ**
રોઝરી સ્કૂલ



**વેદ પંચાલ**
એ. જી હાઇસ્કૂલ



**ફોરમ મોદી**
ત્રિપદા હાઇસ્કૂલ

## યોગ-૧૦ યોગાસન

પશ્ચિમ અર્થાત પાછળનો ભાગ – પીઠમાં ખેંચાણ થાય છે. તેથી આને પશ્ચિમોત્તાસન કહે છે. આ આસનથી શરીરની બધી માંસ પેશિયો પર ખેંચ પડે છે.


**વિધિઃ—**

■ બંને પગ સામે ફેલાવીને બેસી જાવ. એડી પંજો પરસ્પર મેળવીને રાખો. બંને હાથ બગલમાં અડાડીને કમર સીધી અને આંખો સામે રાખો.

■ હવે બંને હાથને બગલથી ઉપર ઉઠાવતા કાનને અડીને ઉપર ખેંચો. આ સ્થિતિમાં બંને હાશની વચ્ચે માથુ હોય છે.

■ હવે સામેની તરફ જોતાં કમરથી ધીરે ધીરે રેચક કરતા નમતા જાય છે. હવે પોતાના બંને હાથથી પગના અંગુઠાને પકડીને રાખો. અને કપાળને ઘૂંટણથી અડાળો. શક્તિ મુજબ કુંભકમાં પછી માથાને ઉઠાવીને પૂરક કરતા પૂર્વ સ્થિતિમાં આવી જાવ.

**લાભઃ**
આમા ઉદર, છાતી અને મેરૂદંડને ઉત્તમ વ્યાયામ મળે છે. આ આસનના અભ્યાસથી મંદાગ્નિ, મલાવરોધ, અજીર્ણ. ઉદર રોગ, કૃમિ વિકાર, સર્દી, ખાંસી, વાત વિકાર કમરનો દુઃખાવો, મધુમેહ વગેરે રોગ દૂર થાય છે. જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.કફ અને ચરબીનો નાશ થાય છે. પેટ પાતળુ થાય છે.




## કેવી રીતે બનાવશો બટન બાઉલ



**સામગ્રી :**
- એક નાની ડબ્બી
- નાના અને મોટા રંગબેરંગી બટન
- એક ફુગ્ગો
- એક ટાંકણી
- ફેવીકોલ
- એક પીંછી
- કાતર

- ફુગ્ગાને ફુલાવીને એક નાની ડબ્બીમાં તે હલે નહી તેમ મૂકો. ઉપરના ભાગમાં ફુગ્ગાને અડધા ભાગ સુધી ફેવીકોલ તેના પર લગાવો. પીંછીથી સરખી રીતે તેને લગાવી લો અને તેને સુકાવા દો.
- એકદમ બરાબર સુકાય જાય પછી જે ઉપરના ભાગમાં ફેવીકોલ લગાવ્યો હતો ત્યાં ફરી ફેવીકોલ લગાવો અને એટલો ભાગ મોટા બટનથી આખ્ખો કવર કરી લો. પછી નાના બટનોથી મોટા બટનની આજુ બાજુનો ખાલી ભાગ અડધા ફુગ્ગા સુધીનો કવર કરી લો. બધાજ બટન લગાવાય જાય પછી ફરી બધાજ બટન પર ફેવીકોલ લગાવી દો તેને સુકાવા દો.
- સુકાઇ ગયા બાદ ટાંકણીથી ફુગ્ગો ફોડી નાખો અને ફૂટેલા ફુગ્ગાનું રબર કાઢી લો. પછી વધારાનું ફેવીકોલ કાતરની મદદથી કાપી લો. તૈયાર થઇ જશે બટનવાળું સુંદર બાઉલ.

## કાળી દ્રાક્ષ – તરબુચનું જ્યુસ

**સામગ્રી**
- ૧ગ્લાસ કાળી દ્રાક્ષ
- ૧ ગ્લાસ નાના ટુકડા કરેલું તરબુચ
- ૧ ગ્લાસ દાડમનાં દાણા
- અડધા લીંબુનો રસ
- ખાંડ ( સ્વાદ પ્રમાણે)
- એક નાની ચમચી વાટેલું જીરૂ
- ૪-૫ બરફના ક્યુબ

**રીત :**
- સૌ પ્રથમ તરબુચ, કાળી દ્રાક્ષ અને દાડમનો અલગ અલગ રસ કાઢીને ગાળી લો. હવે ત્રણેય જ્યુસ ભેળવી દો. તેમાં ખાંડ, લીંબુનો રસ અને વાટેલું જીરૂ ઉમેરો. સારી રીતે ભેળવીને ગ્લાસમાં ભરી લો. તેમાં બરફ ઉમેરો. કાપેલી દ્રાક્ષ અને તરબુચની કે લીંબુની સ્લાઇસથી સજાવી પીરસો.

**ફાયદો**
- આ જ્યુસમાં વપરાતા તરબુચથી ફાયદો એ છે કે તેનાથી ડિહાઇડ્રેશન નથી થતું. માથાના દુઃખાવામાં રાહત મળે છે. દાડમ રોગ પ્રતિકારક ક્ષમતા વધારે છે. - **જ્યોતિ મહેતા**





## જો જો પાછા હસતા નહી

### હુ જ મૂર્ખ

**રામઃ** યાર, મને લાગતું હતું કે આ દુનિયામાં હુ જ મૂર્ખ છું.
**શ્યામઃ** કેમ શું થયું ?
**રામઃ** કાલે મેં મારી પત્નિને કાશ્મીરી સફરજન લાવવાનું કહ્યું હતું.
**શ્યામઃ** તો શું થયું ?
**રામઃ** આજે કાશ્મીરથી ફોન આવ્યો કે તેણે સફરજન ખરીદી લીધાં છે.

### ગુણ આવ્યા

**પપ્પાઃ** જી તારે ગણિતમાં કેટલા ગુણ આવ્યા.
**જી :** ભાઇ કરતા દસ ઓછા
**પપ્પા :** ભાઇને કેટલા ગુણ આવ્યા.
**જી :** ભાઇને દસ ગુણ આવ્યા

### ડિરેક્ટર

**મુવી ડિરેક્ટર કહેઃ** હવે તારે આ સીનમા ૧૫મા માળથી કુદવાનું છે.
**બિચારો નવો એક્ટરઃ** પણ સર જો મને કંઇ થઇ ગયું તો ?
**ડિરેક્ટરઃ** અરે ચિંતા ના કર, આ મુવી નો છેલ્લો સીન જ છે.

### ટાઇટેનિક ડૂબી ગયુ

નિગ્રો મરી ગયો અને સ્વર્ગમાં ગયો.
સ્વર્ગમાં એંજલે પૂછ્યું તમે કોણ છો ?
નિગ્રોએ એંજલને ઇમ્પ્રેસ કરવા કહ્યું- હું ટાઇટેનિકનો હીરો છું...
એંજીલ - (આશ્ચર્યમાં) ટાઇટેનિક ડૂબી ગયુ હતુ કે બળી ગયુ હતુ. ?

**મનુષ્ય તો કેવળ વચન જ દઇ શકે છે. તે વચનને સફળ કરવું જેના હાથમાં છે તેના પર જ ભરોસો રાખવો સારો છે. - રવીન્દ્રનાથ ટાગોર**

# શૈક્ષણિક સત્ર ૨૦૧૬-૧૭ માટે કરવામાં આવેલુ યંગ રીપોર્ટસનું સન્માન

યંગ રીપોર્ટસ કલબ એ 'ધી ઓપન પેજ' નું આગવુ પગલું છે. ગુજરાતની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓને પોતાની શાળાઓ સાથે વધુ સારી રીતે જોડવાનું અમારી આ યંગ રીપોર્ટસ કલબની સફર શરૂ થઇ અમદાવાદની લગભગ ૨૦ જેટલી શાળાઓના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ સાથે. 'ધી ઓપન પેજ' અમારી સાથે જોડાયેલી તમામ શાળાઓનો ઘણો જ હૃદય પૂર્વક આભાર માને છે. શાળાઓના સતત સહયોગના કારણે જ અમે વિદ્યાર્થીઓને એક સારા વાંચકની સાથો સાથ એક સારા લેખક બનાવવા તરફ આગળ વધી શક્યા.

ઓકટોબર ૨૦૧૬ માં 'યંગ રીપોર્ટસ કલબ' ખુલ્લું મૂક્યા બાદ અમે આ નામ હેઠળ ૨ મોટા કાર્યક્રમો કર્યા. જેમા 'GTPL નું પ્રસારણ' અને 'નોટબંધીની ચર્ચાઓ' જેવી પ્રવૃત્તિઓ હાથ ધરાઇ હતી. અમને શાળાઓ તરફથી હંમેશા સંપૂર્ણ સહકાર મળ્યો છે. અને તેઓએ વિદ્યાથીઓને આગળ વધવા હંમેશા પ્રેરિત કર્યા છે. હવે જ્યારે આ શૈક્ષણિક સત્ર સમાપ્તિના આરે છે. ત્યારે 'ધી ઓપન પેજ' ટીમે વિચાર કર્યો કે એવી કોઇ પ્રવૃત્તિ કરવાનો કે જેનાથી ફક્ત 'YRC' મેમ્બર્સ ને જ નહી, પરંતુ જોડાયેલ શાળાઓના બધાજ વિદ્યાથીઓની સાથે સાથે તેમના વાલીઓને પણ ફાયદો થાય. આ વિચાર હેઠળ 'ધી ઓપન પેજે' શાળાઓમાં "અસરકારક વાલી, કાર્યશ્રમ બાળકો" ના વિષય પર સેમીનારો ગોઠવ્યા જે શાળાઓમાં વાલીઓ સાથે આ સેમિનારો કરવા શક્ય ન હતા. ત્યાં ફક્ત વિદ્યાર્થીઓને તેમની કાર્યશ્રમતા વધારવા માટેના સેમીનારો કરાયા.

"સ્વભાવને સમજવો અને પછી જ તેની પ્રતિક્રિયા આપવી, ભલે તે વાલીની વાત હોય કે બાળકની" આ શબ્દો હતા સેમીનારની પ્રવકતા એની વર્ગીસ મેડમના કે જેઓ ધી ઓપન પેજમાં શિક્ષકોના ટ્રેનર તરીકે કાર્ય કરે છે. તેઓ ૨૦ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે ઘણુ ઉમદા કાર્ય કરી રહ્યા છે. અને જેઓ આંતરરાષ્ટ્રીય બોર્ડ દ્વારા અંગ્રેજી મુખ્ય વિષય તરીકે અભ્યાસ લઇ ચુક્યા છે. તેઓ 'કેમ્બ્રીજ બોર્ડ' માં પણ ટ્રેઇનર તેમજ પરીક્ષક તરીકે ૨૦૦૭થી કાર્યરત છે. 'એની વર્ગીસ' મેડમની વાર્તાઓ સાથે સેમીનાર કરવાની રીત ઘણીજ રસપ્રદ હતી. જે વિદ્યાથીઓને અનુરૂપ આવી અને તેમણે પણ ચર્ચામાં પૂર્ણ રીતે ભાગ લીધો અને પોતાના વિચારો રજૂ કર્યા. સેમીનારમાં ઉપસ્થિત વાલીઓએ પણ પોતાના બાળકને સમજવા તેમજ તેમના સ્વભાવ અનુસાર વર્તવા સહમત થયા.

શાળાઓમાં આ સેમીનાર કરવાનો મુખ્ય હેતુ, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને સમજણ આપવા સિવાય 'યંગ રીપોર્ટસ કલબ' ના વિદ્યાર્થીઓનું સન્માન કરવાનો પણ હતો. આ પૂર્ણ થતા શૈક્ષણિક સત્રમા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ મહેનત, લગન અને ઉત્સુકતા બદલ આ વિશાળ જન મેદની સામે તેમને 'સર્ટીફિકેટ' તેમજ નાના 'ઉપહાર' સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ કરેલા કાર્ય બદલ 'ધી ઓપન પેજે' આ સેમીનારો દ્વારા તેઓને વધુને વધુ કાર્યો કરવા માટે પ્રોત્સાહિત કર્યા.

અહિંયા દર્શાવેલ તમામ શાળાઓએ અમારું ઉમળકાભેર સ્વાગત કર્યું. અને 'યંગ રીપોર્ટસ કલબ' ના હેતુને સાકાર કરવામાં પુરેપુરૂ યોગદાન આપ્યું. આ કાર્યક્રમ સાથે આ સત્રને અમારી સલામ અને એવી આશા કે આવતા સત્રમા અમને નવા યંગ રીપોર્ટસ મળે જેઓ આટલી જ કાર્યદક્ષતા સાથે કામ કરે અને 'ધી ઓપન પેજ' માં લેખો, ફોટો, કવિતાઓ, ચિત્રો, શાળાની પ્રવૃત્તિઓ વગેરેનું યોગદાન આપતા રહે. પોતાના જ શબ્દોમાં.

તમામ 'યંગ રીપોર્ટસ' ના સભ્યોને અભિનંદન અને ઉજ્જવળ કારકિર્દી માટેની શુભેચ્છાઓ.

**ધી ઓપન પેજ**


એ.જી. હાઇસ્કૂલ


અર્જુન ઇંગ્લિશ સ્કૂલ


કેલોરેક્ષ સ્કૂલ


ગ્લોબલ એસ.એસ.વી. સ્કૂલ


એલ.એમ.એલ. સ્કૂલ


એસ.જી. ઇંગ્લિશ મિડીયમ સ્કૂલ


ત્રિપદા હાઇસ્કૂલ

# ૧૮ એપ્રિલ વિશ્વ સ્થાપના દિવસ



**સ્થાપત્યનો અર્થ**

સ્થાપત્યનો સરળ અર્થ બાંધકામ એવો થાય છે. સંસ્કૃત ભાષામાં સ્થાપત્ય માટે 'વાસ્તુ' શબ્દ વપરાય છે જે ખૂબજ પ્રચલિત છે.

**યુનેસ્કો દ્વારા લોકોમાં જાગૃતિ આપે**

આપણી સંસ્કૃતિ અને શિલ્પ સ્થાપત્ય જળવાય રહે તે માટે યુનેસ્કો દ્વારા ૧૮ એપ્રિલ વિશ્વ સ્થાપત્ય દિવસ ઉજવવામાં આવે છે.

**ભારતના સંદર્ભમાં સ્થાપત્ય**

ભારત તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના કારણે વિશ્વભરમાં જાણીતુ કે શિલ્પ અને સ્થાપત્યની વિવિધતાઓ ભારતના ઇતિહાસને નવી ઓળખ આપે છે. ભારતનું પ્રાચીન સિંધુકાલીન નગર આયોજન સમકાલીન વિશ્વના નગર આયોજન કરતા ચડિયાતુ હતુ તેની ગૌરવભરી નોંધ લઇ શકાય.

ભારત ટુરીઝમ વિભાગ ઇન્ડિયા નામના કેમ્પ દ્વારા લોકોમાં જાગૃતિ આપે. પ્રવાસીઓની સંખ્યા મળે આપણો સાંસ્કૃતિક વારસો વિશ્વમાં પ્રસિદ્ધ થાય.

**ભારતના મહત્વના સ્થાપત્યો :**

૧.અજંતાની ગુફાઓ
૨. ઇલોરાની ગુફાઓ
૩. એલિફન્ટાની ગુફાઓ
૪. મહાબલી પૂરમ
૫.પટદહલ
૬.ખજૂરાહોના મંદિર
૭.કોણાર્કનું સૂર્ય મંદિર
૮.બૃહદેશવર મંદિર
૯.કુતુબમિનાર
૧૦. હમ્પી
૧૧.હુમાયુનો મકબરો
૧૨.આગ્રાનો કિલ્લો
૧૩.તાજમહેલ
૧૪.લાલ કિલ્લો
૧૫. ફતેપુર સિકરી
૧૬. ગોવાના દેવળો

**ગુજરાતના મહત્વના સ્થાપત્યો**

૧.ઘોડાબીચ અને લોથલ
૨.અશોક શિલાલેખ
૩.જામા મસ્જિદ
૪.રાણી સિપ્રીની મસ્જિદ
૫.સહસ્ત્રલિંગ તળાવ
૬.રાણકી વાવ



**સિકોતરા પિનલ**
**રાજકોટ**

# કસ્તુરબા જયંતિ

પોરબંદરમાં ૧૧ એપ્રિલ ૧૮૬૯ના રોજ વ્રજકુવર અને ગોકુલદાસને ત્યાં પુત્રીના રૂપમાં કસ્તુરબાનો જન્મ થયો. ૧૮૮૩માં કસ્તુરબા ૧૪ વર્ષના હતા ત્યારે તેમના લગ્ન ૧૩ વર્ષના મોહનદાસ કરમચંદ ગાંધી સાથે સામાજીક પરંપરા અનુસાર કરવામાં આવ્યા હતા.

કસ્તુરબા ગાંધી એના પતિ સાથે કામ કરતા કરતા કસ્તુરબા એક સામાજીક કાર્યકર્તા અને સ્વતંત્રતા સેનાની બની ગયા હતા. ગાંધીજી વકિલાત કરવા દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે કસ્તુરબા ગાંધીએ પણ ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકાની યાત્રા કરી ૧૯૦૪ થી ૧૯૧૪ સુધી દુર્બનમાં તે ફેનિક્સ સેટલમેટ માં એકટીવ રહ્યા. ૧૯૧૩માં તેમણે દક્ષિણ આફ્રિકામાં ભારતીય કામદારોનો



સાથ આપ્યો હતો તેના પછી કસ્તુરબા ૩ મહિના માટે મજદૂરીની જેલમાં રહ્યા પછી ભારતમાં જ્યારે પણ ગાંધીજીને જેલની સજા થતી. ત્યારે કસ્તુરબા તેના અભિયાનને આગળ ઝંપલાવતી. ૧૯૧૫માં જ્યારે ગાંધીજી ભારતીય બાગાનોને મદદ કરવા પાછા આવ્યા ત્યારે કસ્તુરબાએ તેમનો સાથ આપ્યો. અને સ્વાસ્થ વિજ્ઞાન અનુસાશન વાચવાનું અને લખવાનું શીખવ્યું.

કસ્તુરબા ગાંધીના જન્મ સાથે કોઇ કારણસર ફેફસાની બિમારીથી પીડાતા હતા. એના ફેફસા ન્યુમોનિયાની બિમારીથી ઘેરાયેલા હતા.જાન્યુઆરી ૧૯૪૪માં કસ્તુરબાની બિમારીમાં વધારો થવા લાગ્યો. આયુર્વેદના ડોકટર પાસેથી ઈલાજ કરાવ્યો. પણ તેમની બિમારીમાં કોઇ જ ફેર ન પડ્યો. કસ્તુરબા કહેતા : નહી હવે મારો સમય પુરો થયો છે.

કસ્તુરબા એ જીંદગીભર પોતાના પતિનો સાથ આપ્યો. પરંતુ સ્વતંત્રતા દિવસોમાં મહિલાઓને એટલું મહત્વ આપવામાં આવ્યુ ન હતુ. એ સમયે મહાત્મા ગાંધીજીએ ક્યારેય પણ કસ્તુરબાને સમાજ સેવા કરવામાં રોક્યા નહી. ઓછી ઉંમરમાં વિવાહ થયા હોવાથી પણ કસ્તુરબા પોતાની જવાબદારીથી ડર્યા નહી. તે જીવનના અંત સુધી પોતાના કર્તવ્યનું પાલન કરતી રહી. અને પોતાના સમાજની સેવા કરતી રહી.

આજની મહિલાઓ માટે કસ્તુરબા ગાંધી પ્રેરણા સ્ત્રોત છે.



**ટાંક રૂપાલી જીતેન્દ્રભાઇ**
**રાજકોટ**

# વિશ્વ આરોગ્ય દિવસ




વ્યક્તિના શારીરિક અને માનસિક વિકાસ માટે તન અને મન બંને સ્વસ્થ હોવા જરૂરી છે. શરીરની સ્વસ્થતા માટે સમતોલ ખોરાક અને વ્યાયામ પણ જરૂરી છે. મનની સ્વસ્થતા અને આત્માની ઉન્નતિ માટે જ્ઞાન, નિષ્કામ કર્મ અને ભક્તિ આવશ્યક છે. માનવ સંપત્તિ એ રાષ્ટ્રની મૂલ્યવાન સંપત્તિ છે. રાષ્ટ્રની પ્રગતિનો આધાર નાગરિકોના સ્વાસ્થય પર રહેલો છે. તેથી જ કહેવાય છે કે 'સ્વસ્થ વ્યક્તિ, સ્વસ્થ રાષ્ટ્ર – Fit People, Fit Nation' સ્વસ્થ માનવસ સ્વસ્થ સમાજ અને સ્વસ્થ રાષ્ટ્ર એક સાંકળરૂપે રહે છે.

સ્વાસ્થયનો અર્થ – સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે વ્યક્તિ સ્વસ્થ ત્યારે કહેવાય કે જ્યારે તેનાં શરીરનાં બધા તંત્રો સ્વસ્થ હોય અને તેનું શરીર કાર્યો માટે સારી સ્થિતિમાં હોય. પરંતુ સ્વાસ્થય વિશે આ સંકુચિત ખ્યાલ છે. વ્યક્તિ શારીરિક, માનસિક, સામાજીક તથા આધ્યાત્મિક રીતે સ્વસ્થ હોય ત્યારે જ તેને સ્વસ્થ કહી શકાય. વ્યક્તિ શારીરિક રીતે સ્વસ્થ નહિ. 'સ્વાસ્થય એ સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજીક રીતે સારા હોવાની અવસ્થા છે. માત્ર રોગ કે માંદગીનો અભાવ નથી' વિશ્વ-આરોગ્ય સંસ્થા (WHO)

**ભૌતિક:** માનસિક અને સામાજીક વ્યક્તિ તરીકેની સજ્જતા રાષ્ટ્રીય શિક્ષણનીતિ (૧૯૮૮)

**સ્વાસ્થય** એ વ્યક્તિના જીવનનો એક ગુણ છે. જે વ્યક્તિને વધુ સુખમય જીવન જીવવા તથા સર્વોચ્ચ સેવા કરવા શકિતમાન બનાવે છે. જે. એફ. વિલિયમ




સ્વાસ્થય સપ્તકના આધારે તમારૂ શારીરિક માનસિક અને સામાજીક ક્યા સ્તરે છે અને તેમાં કેટલો સુધારો જરૂરી છે. એ તમે નક્કી કરી શકશો.

વિશ્વના લોકાના સ્વાસ્થયને સારૂ રાખવા માટે યુનેસ્કો તરફથી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં ૭ એપ્રિલ ૧૯૪૮ થી વાર્ષિક વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવાનું નક્કી કર્યું.

પ્રથમ વિશ્વ આરોગ્ય દિવસ ઇ.સ. ૧૯૫૦માં ઉજવવામાં આવ્યો હતો. વિશ્વ આરોગ્ય દિવસ શાળાઓ, કોલેજો અને અન્ય સંબધિત આરોગ્ય સંસ્થાઓ દ્વારા વાર્ષિક આયોજન કરવામાં આવે છે.

ડબલ્યુ. એચ. ઓ. દ્વારા વિશાળ આરોગ્ય વૈશ્વિક ધોરણે આરોગ્ય સમસ્યાઓ નિવારણ કરવા માટે છે. જેની સ્થાપના પછી અછબડા, પોલિયો, શીતળા, ટીબી, રક્તપિત્ત અને વિવિધ વિકાસશીલ દેશો સહિતના ગંભીર આરોગ્ય સમસ્યાઓ સંબોધવામાં આવે છે. જે વિશ્વને એક તંદુરસ્ત વિશ્વ બનાવવા માટે સતત કાર્યરત છે.

**વિશ્વ આરોગ્ય દિવસ ઉજવવાના ધ્યેયો**

૧.લોકોને સ્વાસ્થય પ્રત્યે જાગૃત બવાવવા
૨. દેશમાં તંદુરસ્ત વાતવરણ બનાવવા
૩.રોગ સામે રક્ષણ મેળવવા.
૪.રોગ સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા પરિવારોના રક્ષણ માટે.

જેને માટે વિશ્વભરમાં સ્વાસ્થય દિનની ઉજવણી કરવામાં આવે છે.



**વાસરા ખુશ્બુ આર.**
**રાજકોટ**

**તારૂ જો કશુ યે ના હોય તો છોડીને આવતું, તારૂ જો બધુયે હોય તો છોડી બતાવ તું – રાજેશ વ્યાસ મિસ્કીન**

# "વિશ્વની મોટી મોટી કંપનીઓ વિશે જાણવા જેવું"




### ઉબેર

ઉબેર દુનિયાની સૌથી મોટી ટેક્સી કંપની છે. આ કંપની પાસે એકપણ વાહન પોતાનું નથી, બધા વાહન ભાડા પર જ ચલાવે છે.

### ફેસબુક

ફેસબુક દુનિયાની સૌથી લોકપ્રિય સોશિયલ મીડિયા સાઇટ છે. જેની પાસે કોઇપણ વાંચવા લાયક સામગ્રી નથી.







### અલીબાબા

અલીબાબા એ દુનિયાની સૌથી મોટી ઓનલાઇન વિક્રેતા કંપની છે. આ કંપની પાસે કોઇ માલ નથી કે નથી કોઇ ગોદામ.




### એર બી.એન.બી

આ દુનિયાની સૌથી મોટી આવાસ પ્રદાન કરતી accommodation provider ની પોતાની કોઇ હોટેલ નથી.



### વોટસઅપ

રોજ અરબોના મેસેજ ટ્રાન્સફર (આપ-લે) કરતી કંપની પાસે પોતાનું એકપણ ખાનગી સર્વર નથી.




### એપ્પલ

આ દુનિયાની સૌથી મોટી મોબાઇલ વિક્રેતા કંપની છે. આની પાસે પોતાની એકપણ ફેક્ટરી નથી.

## મોર વિશે જાણવા જેવું

- ★ પક્ષીઓમાં સૌથી સુંદર અને અત્યંત આકર્ષક શારીરિક દેહ રચના મોરની છે. તેના લાંબા અને રંગબેરંગી પીંછા તેનુ મુખ્ય આકર્ષણ છે.
- ★ મોર અને ઢેલ ના રંગમાં વિવિધતા જોવા મળે છે. માદા મોર કરતાં નર મોર ખૂબજ સુંદર હોય છે.
- ★ પોતાના વધુ પીંછાના ભારના કારણે મોર વધુ ઉડી શકતા નથી.
- ★ મોરને માથાથી પેટ સુધી ઘાટ્ટો જાંબલી રંગ હોય છે. જ્યારે ઢેલને ઘાટ્ટો કથ્થાઇ રંગ હોય છે.



- ★ મોરને ખૂબ લાંબા પીંછા હોય છે. જ્યારે ઢેલને પીંછા હોતા નથી. પીંછાના કારણે મોરના શરીરનું વજન ખૂબ વધી જાય છે અને મોરનું વજન ૪ થી ૬ કિલોની આસપાસ હોય છે. જ્યારે ઢેલનું વજન ૩ થી ૪ કિલોની આસપાસ હોય છે.
- ★ મોર અને ઢેલ બંનેને માથે કલગી હોય છે.
- ★ મોર ભારતનું રાષ્ટ્રીય પક્ષી તરીકે સ્થાન ધરાવે છે.
- ★ વર્ષાઋતુમાં વાદળોની ગડગડાટ થતી હોય ત્યારે મોર પોતાના પીંછા ફેલાવે છે. તેને મોરે 'કળા' કરી એમ કહેવામાં આવે છે. કળા કરેલા મોર જોવાની મજા આવે છે.
- ★ મોર ખેડૂતો માટે પણ ઉપયોગી પક્ષી છે.
- ★ મોર પોતાના ખોરાકની શોધ ચાર-પાંચ જણના ટોળામાં વહેલી સવારથી સૂર્યાસ્ત સુધીમાં કરે છે. બપોરના સમયે મોર ઝાડની ડાળી પર આરામ કરવાનું વધુ પસંદ કરે છે.
- ★ મોર ખોરાકમાં અનાજના દાણા, નાના જીવડા અને નાના સરીસૃપ આરોગે છે.
- ★ મોર હિંદુ ધર્મમાં પોતાનું એક અનેરૂ સ્થાન ધરાવે છે. કાર્તિકેય ભગવાનના વાહનના સ્વરૂપમાં છે. શ્રી કૃષ્ણના મુગટમાં પણ મોરનું પીંછુ જોવા મળે છે. અને સરસ્વતીમાતા પણ મયુર પંખ ધારણ કરે છે.

# વિશ્વ પૃથ્વી દિવસ

સૂર્ય મંડળનો ત્રીજો ગ્રહ પૃથ્વી છે. સૂર્ય મંડળનો આ એકજ ગ્રહ છે. જે સજીવ સૃષ્ટિ ધરાવે છે. તેનું વાતાવરણ પાતળું છે. આ વાતાવરણના સ્તરની જાડાઇ લગભગ ૮૦૦ થી ૧૦૦૦ કિ.મી. જેટલી છે. વાતાવરણને લીધેજ ઉલ્કાપાત વખતે, ઘર્ષણના કારણે ઉલ્કાઓ સળગીને વાયુરૂપ પદાર્થમાં ફેરવાય છે. આમ, વાતાવરણ આપણને ઉલ્કાઓ સામે રક્ષણ આપે છે. ઓ ઓઝોન વાયુનું સ્તર સૂર્યમાંથી આવતા પાર જાંબલી કિરણોનું શોષણ કરી સજીવો પર તેની નુકશાનકારક અસર ઘટાડે છે. વાતાવરણ ગ્રીન હાઉસ અસર થકી જીવન માટે જરૂરી તાપમાન જાળવી રાખવામાં મદદરૂપ છે. આવા સાનુકુળ સંજોગોને કારણે પૃથ્વી પર ૪.૫૪ અજબ વર્ષો પહેલા જીવનનો આરંભ થયો હતો.

દુનિયાભરમાં વર્ષમાં સંયુક્ત રાષ્ટ્ર તરફથી એક દિવસ પૃથ્વી દિવસ તરીકે મનાવાય છે. ૧૯૭૦થી દર વર્ષે ૨૨ એપ્રિલના રોજ 'વિશ્વ પૃથ્વી દિવસ' નું સામાજીક અને રાજનૈતિક મહત્વ છે. આમ, તો ૨૧ માર્ચના રોજ મનાવાતો 'ઈન્ટરનેશનલ અર્થ ડે' ને સંયુક્ત રાષ્ટ્રનું સમર્થન મળ્યું છે. પરંતુ આનું વૈજ્ઞાનિક અને પર્યાવરણ સંબંધી મહત્વ જ છે. તેના ઉત્તર ગોળાર્ધના પાનખરના પ્રતિક રૂપે મનાવવામાં આવે છે. પરંતુ દુનિયાના મોટા ભાગના દેશોમાં હવે ૨૨ એપ્રિલે જ 'વર્લ્ડ અર્થ ડે' ના રૂપમાં ઉજવવામાં આવે છે. અને એ ઉલ્લેખનીય છે કે આ દિવસ અમેરિકી સીનેટર ગોલાર્ડ નેલ્સનના મગજની ઉપજ છે. જે ઘણા વર્ષોથી પર્યાવરણને સર્વ માટે એક રસ્તો શોધી રહ્યા હતા. આમ, તો આવી ઘણી તરકીબ છે. જેના દ્વારા આપણને દરેક દિવસ પૃથ્વી દિવસ માનીને તેના બચાવ માટે કંઈને કંઇ કરતા રહેવું જોઈએ. પરંતુ પોતાની વ્યસ્તતામાં વ્યસ્ત માણસ જો વિશ્વ પૃથ્વી દિવસના દિવસે જ થોડું યોગદાન આપે તો ધરતીના કર્જને થોડું ઉતારી શકે છે.





**રાજાણી રીયાઝ આર.**
**રાજકોટ**

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૪-૨૦૧૭ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩


**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

**નામ:** ____________________

**સ્કૂલનું નામ:** ____________________

**ધોરણ:** ____________ **મો.નં.:** ____________


**ફોટો**




## આપેલા ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે ક્રમશઃ કયું ચિત્ર આવશે તેના ફરતે ગોળ કરો




## ક્રમશઃ આવતું ચિત્ર કાપીને યોગ્ય સ્થાને લગાવો




## યોગ્ય ચિત્રને તેની સામે આપેલા ચિત્ર સાથે જોડો



## ચાલો ગાડી દોરતા શીખીએ




## યોગ્ય ગણતરી કરી સંખ્યા સાથે જોડો





## સરખા દેખાતા બે ચિત્રમાંથી છ તફાવત શોધો



## દર્શાવ્યા પ્રમાણે પતંગિયામાં કલર પૂરો





## જુદા પડતા ચિત્ર પર ગોળ કરો




## દર્શાવ્યા પ્રમાણે યોગ્ય ગણતરી કરી જવાબ લખો



7 - 4 = 3


5 - 4 = ____



4 - 1 = ____



6 - 3 = ____


5 - 2 = ____



8 - 4 = ____

## આપેલા દરેક આકારમાં દર્શાવ્યા પ્રમાણે કલર પૂરો



## ટપકા જોડો






## નીચે આપેલા ભારતના મહત્વના સ્થાપત્યોના નામ શોધો

૧. અજંતાની ગુફાઓ
૨. ઈલોરાની ગુફાઓ
૩. એલીફાન્ટાની ગુફાઓ
૪. મહાબલી પુરમ
૫. પટદહલ
૬. ખાજુરાહોના મંદિર
૭. કોર્ણાકનું સૂર્ય મંદિર
૮. લાલ કિલ્લો
૯. ગોવાના દેવળો
૧૦. બૃહદેશ્વર મંદિર
૧૧. કુતુબમિનાર
૧૨. હમ્પી
૧૩. હુમાયુનો મકબરો
૧૪. આગ્રાનો કિલ્લો
૧૫. તાજમહેલ
૧૬. ફતેપૂર સિક્રી

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | ઈ | ફ | તે | પૂ | ર | સિ | ક્રી | કો | એ | ફો |
| હા | કુ | લો | પ | ટ | દ | હ | લ | ણા | લી | લી |
| બ | તુ | કો | રા | રો | ફી | જો | ઓ | ક | ફં | પો |
| લી | બ | ના | ની | ની | જા | ફા | ઈ | નું | ટા | દિ |
| પુ | મિ | મ | કી | હ | ગુ | રૂ | સ | સૂ | ની | આ |
| ર | ના | રા | વિ | ની | જ | ફા | ર | ર્ય | ગુ | ગ્રા |
| મ | ર | મો | તા | લી | પુ | ડી | ઓ | મં | ફા | નો |
| યી | ઝી | જં | તા | જ | મ | હે | લ | દિ | ઓ | કિ |
| ઓ | અ | ગો | વા | ના | દં | વ | ળો | ર | બિ | લ્લો |
| ખ | જુ | રા | હો | ના | મં | દિ | ર | હ | મ્પી | કિ |
| બિ | બૃ | હ | દે | શ | વ | ર | મં | દિ | ર | લ |
| હુ | મા | યુ | નો | મ | ક | બ | રો | ડી | ગી | લા |

## આપેલા ચિત્રોને જોઈ ખાનામાં નામ લખો


# ત્રિપદા હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ પ્રદર્શનનું આયોજન









**"આવો અમારી દુનિયામાં અને ગણિત નું પંચામૃત"**

ઋતુરાજ વસંતના વાયરા વહી રહ્યા છે. ત્રિપદા હાઇસ્કૂલ ગુજરાતી માધ્યમ વિથ હાયર લેવલ ઇંગ્લીસ રન્નાપાર્ક, ઘાટલોડિયાના વિદ્યાર્થીઓ એ નવા વિચારો સાથે સર્જનાત્મકતાના દર્શન કરાવ્યા અને નવા દૃષ્ટિકોણનો પરિચય કરાવ્યો. વિદ્યાર્થીઓ એ 'આવો અમારી દુનિયામાં' અને પોતે વિશિષ્ટ પ્રવૃત્તિઓનું સંયોજન કરી 'ગણિત પંચામૃત' પ્રદર્શનનું આયોજન કરેલ.

કે.જી. અને ધોરણ ૧,૨ ના વિદ્યાર્થીઓ એ આપણી આસપાસની સંસ્થાઓ જેવી કે બેંક, હોસ્પિટલ, શાળા, પોસ્ટ ઓફિસ Fire Station, Airport, Police Station, Market, સલામતી અને ટ્રાફિકના નિયમો, તહેવારો, ઋતુઓ, છોડ અને તેના પ્રકાર, ઘરના પ્રકાર, ભારતની લોકસત્તા, ગુજરાતનું મંત્રી મંડળ અને ગણિતના અવનવાં કોયડાનું પ્રદર્શન બાળકો દ્વારા કરવામાં આવ્યું.

**ગણિતનું પંચામૃત એટલે**

૧.પ્રત્યક્ષ અનુભવ
૨. વિચાર શક્તિ અને કલ્પના શક્તિ
૩. તાર્કિક શક્તિ, સર્જનાત્મક શક્તિ
૪. વાકછટા કૌશલ્યો
૫. પ્રતિભા ક્ષમતાનો વિકાસ થાય.

જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષક મિત્રો, વાલીઓ, આજુ બાજુના રહીશો અને સ્નેહીજનો એ પંચામૃતના પાનથી તન-મન-આભાથી પુલક્તિ થયા અને ત્રિપદા હાઇસ્કૂલનું વાતાવરણ ગણિતમય બની ગયું હતું.

અમારા આ નાનકડા પ્રયાસને વાલી મિત્રો એ ખૂબજ પ્રશંસનીય રીતે વધાવ્યો.









## TSI માર્ગ બતાવે છે... વિવિધતા સાથે ધૂળેટી

પાણી બચાવો – રમો હોળી પરંતુ સૂકી હોળી – પર્યાવરણ બચાવો – તમારું જીવન બચાવો – "કારણકે આજે આપણે વિચારીશું તો કાલે બધા વિચારશે."

આ ટેગ લાઇન છે ત્રિપદા સિંગાપુર ઇન્ટરનેશનલ (TSI) સ્કૂલના વિદ્યાર્થીઓની, જેમણે ૧૦મી માર્ચ, શુક્રવારે અનન્ય અને મૈત્રીપૂર્ણ રીતે, કુદરતી વનસ્પતિક રંગો સાથે તેમજ આપણી સંસ્કૃતિ તરફ પાછા વળીને તેમના વિશાળ લીલાછમ કેમ્પસમાં હોળીનો રંગીન તહેવાર ઉજવ્યો.

વિદ્યાર્થીઓની ટીમે તેમના CAS શિક્ષકના માર્ગદર્શન હેઠળ જાસૂદ, ગલગોટા અને લીમડાના પાન ભેગા કરી સુકવ્યા અને તેનો પાઉડર બનાવી નાની વાટકીમાં આ પરંપરાગત હોળીના રંગોને એકત્રિત કરી તહેવાર ઉજવ્યો.

આ સૂકો પાઉડર એકબીજા પર લગાવીને ફેકલ્ટી અને સ્ટાફ ખૂબજ મજા અને આનંદથી આમા જોડાયો હતો.

આ રીતે ઉજવાયેલા રંગોના ઉત્સવે શાળાની ટેગ લાઇન ને સાર્થક કરી.







## સીમા દર્શન






બનાસકાંઠા જીલ્લાનાં સૂઇ ગામ - નડાબેટના રણ વિસ્તારમાં ભારત –પાકિસ્તાનની બોર્ડર પર ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રપ્રેમનો વિકાસ થાય એ હેતુથી પ્રવાસન સ્થળ વિકસાવવામાં આવ્યું છે. પૂર્વ અમદાવાદના નિકોલ વિસ્તારની રામેશ્વર પ્રા. શાળાના બાળકોને તાજેતરમાં સીમા દર્શન પ્રવાસ માટે લઇ જવામાં આવ્યાં હતાં. સીમા દર્શન ઉપરાંત બી.એસ. એફ.ના જવાનો દ્વારા થતી પરેડ જોવાનો લ્હાવો વિદ્યાર્થીઓને મળ્યો હતો. આ પ્રકારનાં શૈક્ષણિક પ્રવાસથી વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના વિકસે છે તથા વિદ્યાર્થીઓ દેશનાં સૈનિકની સીમા પરની ફરજ વિશે જાણી શકે છે.









## અભિનંદન



ધામેલિયા વિશાખા એ આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિકમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ. કૌશલ વિદ્યાભવનમાં ધોરણ – ૯માં અભ્યાસ કરતી ધામેલિયા વિશાખાએ રાજપીપળામાં યોજાયેલી સ્ટેટ જિમ્નાસ્ટિક ચેમ્પિયનશિપમાં ત્રણ ઈવેન્ટમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ્સ પ્રાપ્ત કરીને સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

બેલેન્સીંગ બીમમાં ગોલ્ડ મેડલ, અનિવન બારસમાં સિલ્વર મેડલ અને બેલ્ટીગમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને ઓલરાઉન્ડરમાં સમગ્ર ગુજરાતમાં આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિકમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે. આ સિદ્ધિ બદલ શાળાના ટ્રસ્ટીશ્રી અને આચાર્યશ્રી તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે, અને ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે તેવી શુભેચ્છા પાઠવી છે.

RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Bhavik Publication Pvt. Ltd., Plot No. 36/2, Opp. Umiya Campus, Near Silver Oak Club, S. G. Highway, Gota, Ahmedabad 382 481.
All articles have been selected and scrutinized by Sub editor Ms. Jyoti Parmar. The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386